જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૧૨/૨૦૧૭ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૬૩૩/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૧૧૪ કેસ કરી, ૧૧૨ વ્યક્તિઓને ઝડપી, ૨૦૪ લીટર દેશી દારૂ, ૩૪૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૨ બિયર ટીન, ૧ મોટર સાયકલ, ૨ રિક્ષા અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૯ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨૫૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૬૩૪/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ખુલ્લા મકાનમાંથી ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૬૩૫/૧૭</u>**

**વાસણા :** હર્ષભાઇ મહેન્દ્રભાઈ શાહ (ઉ.વ.૪૦)(રહે,ગુંજન ફ્લેટ શ્રેયાંસનાથ સોસાયટી ની સામેવાસણા) એ તા.૩૦/૧૨/૧૭ નારોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૨/૧૭ બપોરના ૨/00 થી ૨/૪૫ વાગ્યા દરમ્યાન હર્ષભાઇના બહેનના સાસુ સુધા અમરતલાલ તલાટી ના વાસણા, શ્રેયાંસનાથ સોસાયટી ના મકાન નંબર ૬/બી ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ઘરમાંથી (૧) સોનાનો સ્કવેર સ્વીપ અને મોતી ભરેલો સેટ કિંમત રૂપિયા ૧,૨૫,000/- (૨) ડાયમંડની બુટ્ટી કિંમત રૂપિયા ૧,૨૦,000/- (૩) ચાંદીના બે ગ્લાસ કિંમત રૂપિયા ૨,000/- મળી કુલ રૂપિયા ૨,૪૭,000/- મતાની ચોરી કરી લઈ ગઈ છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.ચૌધરી ચલાવે છે.

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૬૩૬/૧૭</u>**

**ખોખરા :** કમલાબેન વા/ઓ મોગનભાઇ મુતુમણકેમદેવેંદ્ર(સાઉથ ઇન્ડીયન)(ઉ.વ.૫૬)(રહે,ગુ.હા.બોર્ડ સર્વોદયનગર સિધ્ધી વિનાયક મંદીરની બાજુમાં અમરાઇવાડી) તા.૩૦/૧૨/૧૭ સાંજના ૪/૩૦ વાગ્યાના સુમારે મહાલક્ષ્મી ફર્નીચર નામની દુકાન આગળ રોડ ઉપર ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ(૨૫ થી ૩૦ વર્ષના આશરાના) કમલાબેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૦,000/- તથા સોનાની મગમાળા નો ટુકડો કિંમત રૂપિયા ૨૦,000/- મળી કુલ રૂપિયા ૪૦,000/- મતાની ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કમલાબેન દેવેન્દ્ર એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.મકવાણા ચલાવે છે.

**કૃષ્ણનગર :** અર્ચનાબેન વા/ઓ રાહુલકુમાર રાઠોડ (ઉ.વ.૨૪)(રહે,શીવાજીનગર, ગાયત્રી સોસાયટી પાસે, કુબેરેશ્વર મંદીર ની સામે, સૈજપુર, કૃષ્ણનગર) તા.૩૦/૧૨/૧૭ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે માતંગી પ્રીંટીગ પ્રેસ ની આગળ નયનનગર રોડ ઉપર ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ(૨૫ થી ૩૦ વર્ષના આશરાના) અર્ચનાબેનના ગળામાંથી સોનાનું ડોકિયુ કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અર્ચનાબેન રાઠોડે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.મારૂ ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૨૬૩૭/૧૭**

**ઓઢવ :** સતીષભાઇ દિલીપભાઇ સાયકાડે (રહે,હેમાપાર્ક સોસાયટી, અંબિકાનગર, ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૨/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની આઇસર ગાડી નંબર જીજે.૨૭.એક્સ.૪૦૮૬ કિંમત રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી. જેની ચોરી તા.૨૮/૧૨/૧૭ ના કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.ચૌહાણ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૬૩૮/૧૭**

કૃષ્ણનગરઃ **ભાવિની ડો/ઓ બાબુભાઈ સોનારા (ઉ.વ.૧૭) (રહે.ગંગા એપાર્મેંટ જી.ડી.સ્કુલની સામે સૈજપુર બોઘા)** એ અગમ્ય કારણસર તા.૩૦/૧૨/૧૭ કલાક ૧૦/૧૫ થી ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.ડાભી ચલાવે છે.

બાપુનગરઃ નીમાબહેન ડો/ઓ સુરેશભાઈ સોલંકી (ઉ.વ.૨૦) (રહે.વાડીલાલ પાર્ક સ્ટાર હોસ્પિટલ સામે બાપુનગર) એ બીમારીથી કંટાળી તા.૨૯/૧૨/૧૭ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.કાંટેલીયા ચલાવે છે.

નિકોલઃ ભાનુભાઇ શંભુભાઇપટેલ (ઉ.વ.૫૯) (રહે. સનરાઇઝપાર્ક જીવનજ્યોત ટ્વીન બંગ્લોઝ પાસે) એ બીમારીથી કંટાળી તા.૩૦/૧૨/૧૭ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે કઠવાડા જીઆઈડીસી પ્લોટ નંબર-૩૫૨ રોડ નં-૭ નજીક ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે એપોલો હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુનિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ **મ.સ.ઇ.શ્રી રામસિંહ મોતીસિંહ** ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.